# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-05-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફીક સમા** વાંચે છે.

---

## CM – વસ્તી ગણતરી પ્રારંભ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ઓનલાઈન માધ્યમથી પોતાની સ્વ-ગણતરી પૂર્ણ કરીને વસતિ ગણતરી 2027ની સ્વ-ગણતરીનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે રાજ્યના લોકોને આજથી 31 મે સુધીના નિર્ધારિત 15 દિવસમાં સ્વ-ગણતરી કરીને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

--------------------------------------------------------------------------------------------

## વસ્તી ગણતરીમાં ભાગ લેવા માટે કચ્છ કલેકટરની અપીલ :

વસ્તી ગણતરી ૨૦૨૭ની પ્રથમ તબક્કાના ભાગરૂપે જિલ્લાના તમામ નાગરિકોને જાહેર અપીલ કરતા જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું છે કે, આ પ્રક્રિયામાં દરેક નાગરિકોનો સક્રિય અને સચોટ સહકાર જરૂરી છે.

વસ્તી ગણતરીના પ્રથમ તબક્કામાં મુખ્યત્વે ઘરોની ગણતરી કરવામાં આવશે. જેના ભાગરૂપે આજથી એટલે કે તારીખ ૧૭ મે થી લઈને ૩૧ મે સુધી તમામ નાગરિકો માટે 'સેલ્ફ ઇન્યુમરેશન' એટલે કે સ્વગણતરી એક વિશેષ સુવિધા ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતા જીલ્લા કલેકટરે જણાવ્યું કે,

(BYTE: ANILKUMAR RANAVASIYA, COLLECTOR)

--------------------------------------------------------------------------------------------

## 'સિમી' જહાજ કંડલા બંદરે પહોચ્યું :

ખાડી દેશોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે, 'સિમી' જહાજ હોર્મુઝની સમુદ્રધાની પાર કરીને કંડલા બંદરે પહોંચ્યું છે. આ જહાજ 20 હજાર ટન લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) લઈને આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'સિમી' જહાજ 13 મેના રોજ હોર્મુઝની સમુદ્રધાની વિસ્તારમાંથી બહાર નીકળી ગયું હતું જે આજે કંડલા બંદરે પહોંચ્યું છે, જ્યાં તેને જેટી નંબર એક પર લાંગરવામાં આવ્યું છે. યુદ્ધ શરૂ થયા પછી અત્યાર સુધીમાં 15 LPG જહાજો ભારતમાં પહોંચી ચૂક્યા છે.

---

## ખેડૂત જાગૃતિ અભિયાન :

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ, જિલ્લાના ખેડૂત મિત્રોને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓથી માહિતગાર કરવા અને ખેતીમાં રાસાયણિક ખાતરના સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી જિલ્લામાં “ખેડૂત જાગૃતિ અભિયાન”નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જેમાં; રાસાયણિક ખાતરના વિકલ્પરૂપે જૈવિક ખાતર, સેન્દ્રિય ખાતર અને ગાય આધારિત ખેતી પદ્ધતિઓ અપનાવવા અંગે ખાસ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ખેતીમાં નવી ટેકનોલોજી, પાક સંરક્ષણ અને ફાયદાકારક ખેતી પદ્ધતિઓ અંગે પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવે છે.

સરકારી યોજનાઓ અને ખેતીલક્ષી વધુ માહિતી માટે ખેડૂત મિત્રોએ પોતાના સંબંધિત ગ્રામ સેવક અથવા વિસ્તરણ અધિકારી (ખેતી) નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી, ભુજ-કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

---

## કચ્છ - ડીઝલનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો :

જીલ્લામાં ઇંધણની અછત વચ્ચે 4. લાખ 86 હજારના  મુદામાલ સાથે બે હજાર લિટર ડીઝલનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કલેક્ટર અનિલ રાણાવસિયાની સૂચના હેઠળ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. જિલ્લા પુરવઠા વિભાગ અને તાલુકા મામલતદાર કચેરીઓએ ગત રાત્રે 35 પેટ્રોલ પંપ પર આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન માધાપર હાઇ-વે પરથી ડીઝલનો જથ્થો અને વાહન જપ્ત કરાયા હતા. ઇંધણની અછત વચ્ચે ગેરકાયદેસર સંગ્રહ અને વેચાણ રોકવા માટે ચેકિંગ તેજ બનાવાયું છે. ઇંધણ વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય તે માટે વધુ તપાસ ચાલુ છે.

---------------------------------------------------------------------------------

## નેત્રા ખાતે કચ્છ યુનિવર્સિટી કોલેજ એક્સટેન્શન સેન્ટર :

નેત્રા ખાતે આગામી સત્રથી કચ્છ યુનિવર્સિટી કોલેજ એક્સટેન્શન સેન્ટર શરૂ થશે. જેનાથી આસપાસના વીસેક ગામની  યુવાઓ માટે ઉચ્ચ શિક્ષણનાં નવા દ્વાર ખોલાશે તથા ગામડાંથી ઉચ્ચ અભ્યાસ માટે દૂર શહેરોમાં જવું નહીં પડે અને `ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ'નો લાભ મળતા આ પ્રયાસ માત્ર સેન્ટર નહીં, પરંતુ સમગ્ર વિસ્તારનાં ભવિષ્યને નવી દિશા અપાશે.

---------------------------------------------------------------------------------